# હૈદરાબાદની દમદાર બૅટિંગ સામે રાજસ્થાન પરાસ્ત

## રિયાન પરાગની ટીમનો ૪૪ રનથી પરાજયઃ ઈશાન કિશન મૅન ઑફ ધ મૅચ, જોફ્રા આર્ચર આઇપીએલનો સૌથી ખર્ચાળ બોલર બન્યો

હૈદરાબાદઃ સનરાઇઝર્સ હૈદરાબાદના બૅટર્સે અહીં ગઈ કાલે છ વિકેટના ભોગે ૨૮૬ રનનો ઢગલો કર્યો અને પછી રાજસ્થાન રૉયલ્સને ૨૦ ઓવરમાં ૨૪૨/૬ સુધી સીમિત રાખીને ૪૪ રનથી વિજય મેળવ્યો હતો. જોકે રાજસ્થાનના બૅટર્સે હૈદરાબાદની ટીમને આઇપીએલમાં પોતાના આપસના મુકાબલાઓમાં બન્ને ટીમ-ટોટલનો નવો વિક્રમ રચવામાં આડકતરી રીતે મદદ કરી હતી. આખી મૅચમાં કુલ ૫૨૮ રન થયા હતા અને એ સાથે ૨૦૨૩ની સાલનો આ બે ટીમનો કુલ ૪૩૧ રનનો વિક્રમ તૂટ્યો હતો.

હૈદરાબાદે ખાસ કરીને મૅન ઑફ ધ મૅચ ઇશાન કિશન (૧૦૬ અણનમ, ૪૭ બૉલ, છ સિક્સર, અગિયાર ફોર) તેમ જ ટ્રૅવિસ હેડ (૬૭ રન, ૩૧ બૉલ, ત્રણ સિક્સર, નવ ફોર)ની ફટકાબાજીના જોરે ૨૮૬ રનનો સ્કોર નોંધાવ્યો હતો. રાજસ્થાનના બૅટર્સે હૈદરાબાદના બોલર્સને બહુ સારી લડત આપી હતી, પણ જો યશસ્વી જયસ્વાલ (એક રન), કાર્યવાહક કૅપ્ટન રિયાન પરાગ (ચાર રન) અને નીતિશ રાણા (૧૧ રન) સારું રમ્યા હોત તો પરિણામ કદાચ રાજસ્થાનની તરફેણમાં હોત.

રાજસ્થાન વતી સંજુ સૅમસન (૬૬ રન, ૩૭ બૉલ, ચાર સિક્સર, સાત ફોર), વિકેટકીપર ધ્રુવ જુરેલ (૭૦ રન, ૩૫ બૉલ, છ સિક્સર, પાંચ ફોર), શિમરૉન હેટમાયર (૪૨ રન, ૨૩ બૉલ, ચાર સિક્સર, એક ફોર) તેમ જ વિદર્ભ વતી રમતા શુભમ દુબે (૩૪ અણનમ, ૧૧ બૉલ, ચાર સિક્સર, એક ફોર)એ સૌથી સારું યોગદાન આપવાનો પ્રયત્ન કર્યો હતો, પણ રાજસ્થાનને ૨૮૭ રનનો તોતિંગ લક્ષ્યાંક પહાડ જેવો લાગ્યો હતો અને પહેલા ૫૦ રનમાં પડેલી ત્રણ વિકેટ એનો પુરાવો છે. એ ૫૦ રનમાં યશસ્વી, રિયાન પરાગ અને નીતિશની વિકેટ પડી હતી. ત્યાર બાદ સૅમસન-જુરેલ વચ્ચે ચોથી વિકેટ માટે ૧૧૧ રનની ભાગીદારી થઈ હતી. હૈદરાબાદ વતી હર્ષલ પટેલ અને સિમરજીત સિંહે બે-બે વિકેટ તેમ જ મોહમ્મદ શમી અને ઍડમ ઝૅમ્પાએ એક-એક વિકેટ લીધી હતી. કૅપ્ટન પૅટ કમિન્સ (૪-૦-૬૦-૦) ટીમનો સૌથી ખર્ચાળ બોલર સાબિત થયો હતો.

આઇપીએલના ઇતિહાસમાં હૈદરાબાદનો ૨૮૭/૩નો ટીમ-સ્કોર હાઈએસ્ટ છે અને હૈદરાબાદની ટીમ ગઈ કાલે પોતાનો જ એ વિક્રમ એક રન માટે ચૂકી ગઈ હતી. હૈદરાબાદે ગયા વર્ષે ૧૫મી એપ્રિલે બેંગલૂરુમાં આરસીબી સામે ૨૦ ઓવરમાં ત્રણ વિકેટે ૨૮૭ રન કર્યા હતા અને એ તમામ ટીમના હાઇએસ્ટ ટોટલમાં રેકૉર્ડ છે. આજે હિન્રિચ ક્લાસેન (૩૪ રન, ૧૪ બૉલ, એક સિક્સર, પાંચ ફોર) તેમ જ ઓપનર અભિષેક શર્મા (૨૪ રન, ૧૧ બૉલ, પાંચ ફોર)ના પણ હૈદરાબાદના ટોટલમાં મહત્ત્વના યોગદાન હતા.



મૅચ વિનર ઈશાન કિશન

રાજસ્થાન માટે બ્રિટિશ પેસ બોલર જોફ્રા આર્ચર (૪-૦-૭૬-૦) સૌથી ખર્ચાળ સાબિત થયો હતો. તે માત્ર રાજસ્થાનનો જ નહીં, પણ આઇપીએલના ઇતિહાસમાં ઇનિંગ્સનો સૌથી ખર્ચાળ બોલર પણ બન્યો છે. તુષાર દેશપાંડેએ ત્રણ તેમ જ માહીશ થીકશાનાએ બે તથા સંદીપ શર્માએ એક વિકેટ લીધી હતી. શનિવારે પ્રથમ મૅચમાં આરસીબીએ કેકેઆરની ટીમને સાત વિકેટે હરાવી દીધી હતી. ■

# ચેન્નઈ જીત્યું, મુંબઈ પરાજિત

## રોહિતની શૂન્યના રેકૉર્ડની બરાબરીઃ સ્પિનર વિઘ્નેશ પુથુરની ત્રણ વિકેટ

ચેન્નઈઃ મુંબઈ ઇન્ડિયન્સ (એમઆઇ)ની ટીમે અહીં ગઈકાલે પરાજય જોયો હતો. ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે)એ ૧૫૬ રનનો સાધારણ લક્ષ્યાંક સંઘર્ષ બાદ છેલ્લી ઓવરમાં (૧૫૮/૬ના સ્કોર સાથે) ચાર વિકેટના ભોગે મેળવી લીધો હતો. કૅપ્ટન ઋતુરાજ ગાયકવાડ (૫૩ રન, ૨૬ બૉલ, ત્રણ સિક્સર, છ ફોર) અને ઓપનર રચિન રવીન્દ્ર (૬૫ અણનમ, ૪૫ બૉલ, ચાર સિક્સર, બે ફોર) અને રવીન્દ્ર જાડેજા (૧૭ રન)ના મુખ્ય યોગદાન હતા. ધોની શૂન્ય પર અણનમ રહ્યો હતો. મુંબઈ વતી લેફ્ટ-આર્મ સ્પિનર વિઘ્નેશ પુથુર (૪-૦-૩૨-૩) ઝળક્યો હતો. રોહિત શર્માએ મૅચના ચોથા જ બૉલમાં શૂન્યમાં વિકેટ ગુમાવી દીધી હતી. રોહિતનો આઇપીએલમાં આ ૧૮મો ઝીરો હતો અને તેણે દિનેશ કાર્તિક (૧૮ ઝીરો) તથા ગ્લેન મૅક્સવેલ (૧૮ ઝીરો)ની બરાબરી કરી લીધી છે. મુંબઈએ બેટિંગ મળ્યા બાદ ૯ વિકેટે ૧૫૫ રન કર્યા હતા. ■

# ઓપનિંગમાં સ્ટેજ પર વિરાટ સાથે હાથ મિલાવવાનું રિન્કુ સિંહ ભૂલી ગયો કે તેને અવગણ્યો?

## કિંગ કોહલી અને કિંગ ખાન એક જ મંચ પર!





કોલકાતાઃ સોશિયલ મીડિયાના આ જમાનામાં કોઈ પણ ઝીણી બાબત કૅમેરાની નજરથી બચી ન શકે અને જો કંઈ પણ વિચિત્ર કે અજુગતું બન્યું હોય તો એ તરત કૅમેરામાં કેદ થઈ જાય અને પળવારમાં વાઇરલ થઈ જાય છે. શનિવારે ઈડન ગાર્ડન્સમાં આઈપીએલના ઓપનિંગમાં ઍન્કર શાહરૂખ ખાને કેકેઆરના સ્ટાર ખેલાડી રિન્કુ સિંહને સ્ટેજ પર બોલાવ્યો ત્યારે એકદમ ઉતાવળે આવેલા રિન્કુએ શાહરૂખ સાથે તો હાથ મિલાવ્યા પણ નજીકમાં જ ઊભેલા વિરાટ સાથે હાથ મિલાવવાનું તે ભૂલી ગયો હતો કે પછી તેને અવગણ્યો એની ક્રિકેટ પ્રેમીઓમાં ચર્ચા થઈ રહી છે. ૧૮મી આઇપીએલની શનિવારે પહેલી મૅચ ડિફેન્ડિંગ ચૅમ્પિયન કોલકાતા નાઈટ રાઈડર્સ (કેકેઆર) અને રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (આરસીબી) વચ્ચે રમાઈ હતી.

મીડિયામાં ચર્ચા છે કે કેકેઆરનો બૅટર રિન્કુ સિંહ કદાચ કોઈ માનસિક દબાણમાં હશે એટલે સ્ટેજ પર આવ્યા બાદ તે શાહરૂખ સાથે હેન્ડશેક કર્યા બાદ કદાચ કોઈ ખોટા ઈરાદા વગર જ વિરાટને વટાવી ગયો હતો.

'કિંગ ખાન' શાહરુખ ખાન અને 'કિંગ કોહલી' વિરાટ કોહલી એક જ સ્ટેજ પર ભેગા થાય એ અવસર અદ્ભુત જ કહેવાય. શાનદાર ઓપનિંગના એ સમારોહમાં શાહરૂખ ખાને રિન્કુને અને કોહલીને પોતાના ગીતની ધૂન પર નચાવ્યા હતા અને પોતે પણ તેમની સાથે ડાન્સ કરીને મોજ કરી હતી.

ઈડન ગાર્ડન્સના હજારો પ્રેક્ષકોએ તેમ જ ટીવી દર્શકોએ આ ઇવેન્ટની ખૂબ મોજ માણી હતી. શાહરુખે પહેલાં તો બંને સાથે થોડી હળવી વાતો કરી હતી, પ્રેક્ષકોનું મનોરંજન કર્યું હતું અને પછી તેમને બોલીવૂડ-ટચ આપ્યો હતો.

કેકેઆરે બૅટિંગ મળ્યા બાદ કેપ્ટન અજિંક્ય રહાણેના ૫૬ રન અને સુનિલ નારાયણના ૪૪ રનની મદદથી ૨૦ ઓવરમાં આઠ વિકેટે ૧૭૪ રન બનાવ્યા હતા. આરસીબીના સ્પિનર કૃણાલ પંડ્યાની ત્રણ વિકેટને લીધે કેકેઆરનો સ્કોર મર્યાદિત રહ્યો હતો.

આરસીબીએ ૧૬.૨ ઓવરમાં ત્રણ વિકેટે બનાવેલા ૧૭૭ રનના સ્કોર સાથે આ પ્રારંભિક મૅચ જીતી લીધી હતી. એમાં કોહલીનું અણનમ ૫૯ રનનું, ઓપનર ફિલ સૉલ્ટનું ૫૬ રનનું અને કેપ્ટન રજત પાટીદારનું ૩૪ રનનું યોગદાન હતું.

કૃણાલ પંડ્યાને ૨૯ રનમાં લીધેલી ત્રણ વિકેટના પર્ફોર્મન્સ બદલ મૅન ઑફ ધ મૅચનો અવૉર્ડ આપવામાં આવ્યો હતો. ■

# ટ્રૅવિસ હેડે ઊંચો છગ્ગો ફટકારીને જોફ્રા આર્ચરને ધોળા દિવસે તારા દેખાડ્યા

## ૧૨.૫૦ કરોડ રૂપિયાવાળા બ્રિટિશ પેસ બોલરની ચાર ઓવરમાં ૨૦ બાઉન્ડરીઝ અને ૭૬ રન, નવા વિક્રમ બન્યા

હૈદરાબાદઃ આઇપીએલમાં ગઈ કાલે બપોરે હૈદરાબાદમાં ઇશાન કિશન (૧૦૬ અણનમ, ૪૭ બૉલ, છ સિક્સર, અગિયાર ફોર) નામનો તોફાની પવન તો ફૂંકાયો જ હતો, ઑસ્ટ્રેલિયન બૅટર ટ્રૅવિસ હેડ (૬૭ રન, ૩૧ બૉલ, ત્રણ સિક્સર, નવ ફોર)ની ફટકાબાજી પણ જેવીતેવી નહોતી. રાજસ્થાન રૉયલ્સના બોલર્સની ખબર લેવાની અભિષેક શર્મા (૨૪ રન, ૧૧ બૉલ, પાંચ ફોર) સાથે મળીને શરૂઆત હેડે જ કરી હતી અને એમાં ખાસ કરીને બ્રિશિશ પેસ બોલર જોફ્રા આર્ચરની બોલિંગને તેણે ચીંથરેહાલ કરી હતી.

ટ્રૅવિસ હેડે ત્રણ છગ્ગા ફટકાર્યા હતા જેમાંનો જોફ્રાના એક બૉલમાં ફટકારેલો એક છગ્ગો ૧૦૫ મીટર લાંબો હતો. એ રીતે, જોફ્રાને હેડે ધોળે દિવસે તારા દેખાડ્યા હતા.

રાજસ્થાને જોફ્રાને મેગા ઑક્શનમાં ૧૨.૫૦ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. જોકે તેણે પહેલી જ મૅચમાં ખરાબ રેકૉર્ડ પોતાના નામે કરી લીધો છે.

જોફ્રાની રવિવારની બોલિંગ-ઍનેલિસિસ (૪-૦-૭૬-૦) આઇપીએલનો નવો વિક્રમ છે. જોફ્રાએ ચાર ઓવરમાં ૭૬ રન આપીને મોહિત શર્માનો ગયા વર્ષનો વિક્રમ તોડ્યો છે. ૨૦૨૪માં દિલ્હી કૅપિટલ્સ સામેની મૅચમાં મોહિતની ચાર ઓવરમાં ૭૩ રન થયા હતા અને તેને એકેય વિકેટ નહોતી મળી.

જોફ્રા આર્ચર ગઈ કાલની ચાર ઓવરમાં એક જ ડૉટ બૉલ ફેંકી શક્યો હતો. તેના બાકીના બૉલમાં કુલ ૨૦ બાઉન્ડરીઝ (૧૬ ફોર, ચાર સિક્સર) ગઈ હતી અને એ સાથે તેની એક દાવની ચાર ઓવર આઇપીએલના ઇતિહાસમાં સૌથી ખર્ચાળ (૭૬ રન) સાબિત થઈ હતી.

### આઈપીએલના સૌથી ખર્ચાળ બોલર્સ

| | | | |
|---|---|---|---|
| જોફ્રા આર્ચર | (રાજસ્થાન) | : | ૦/૭૬, હૈદરાબાદ સામે |
| મોહિત શર્મા | (ગુજરાત) | : | ૦/૭૩, દિલ્હી સામે |
| બેસિલ થમ્પી | (હૈદરાબાદ) | : | ૦/૭૦, બેંગલૂરુ સામે |
| યશ દયાલ | (ગુજરાત) | : | ૦/૬૯, કોલકાતા સામે |
| રીસ ટૉપ્લી | (બેંગલૂરુ) | : | ૧/૬૮, હૈદરાબાદ સામે |

# સૌથી વધુ ફોરનો વિશ્વવિક્રમ થયો

હૈદરાબાદઃ ઇશાન કિશન, ટ્રૅવિસ હેડ, હિન્રિક ક્લાસેન, અભિષેક શર્મા અને નીતિશ કુમાર રેડ્ડીએ સનરાઇઝર્સ હૈદરાબાદ વતી રાજસ્થાન રૉયલ્સ સામેની મૅચમાં કુલ મળીને ૩૪ ફોર ફટકારી હતી જે ટી-૨૦ના ઇતિહાસમાં નવો વર્લ્ડ રેકૉર્ડ છે.

હૈદરાબાદે ઇંગ્લૅન્ડની મિડલસેક્સ કાઉન્ટીની ટીમનો વર્લ્ડ રેકૉર્ડ તોડ્યો છે. મિડલસેક્સે સરે સામે ૩૩ ફોરનો જે વિક્રમ નોંધાવ્યો હતો એ તૂટી ગયો છે.

આઇપીએલમાં એક દાવમાં સૌથી વધુ ફોરનો વિક્રમ દિલ્હી ડેરડેવિલ્સનો હતો. દિલ્હીએ એક મૅચમાં ગુજરાત લાયન્સ સામે ૩૧ ફોર ફટકારી હતી. હૈદરાબાદના બૅટર્સે ૩૪ ફોર ફટકારવાની સાથે ૧૨ સિક્સર પણ ફટકારી હતી.

**હૈદરાબાદની ટીમમાં કોની કેટલી ફોર?**

ઇશાન કિશનઃ ૧૧ ફોર, ટ્રૅવિસ હેડઃ ૯ ફોર,

અભિષેક શર્માઃ પાંચ ફોર, હિન્રિક ક્લાસેનઃ પાંચ ફોર, નીતિશ કુમાર રેડ્ડીઃ ૪ ફોર

**વર્લ્ડ રેકૉર્ડ હવે હૈદરાબાદના નામેઃ**


સનરાઇઝર્સ હૈદરાબાદઃ ૩૪ ફોર, મિડલસેક્સઃ ૩૩ ફોર, સમરસેટઃ ૩૧ ફોર, દિલ્હી ડેરડેવિલ્સઃ ૩૧ ફોર, શ્રીલંકાઃ ૩૦ ફોર. ■

# આઈપીએલના ઓપનિંગ પછી દિશા પટનીના ચાહકો કેમ ગુસ્સામાં છે?

કોલકાતાઃ શનિવારે ઈડન ગાર્ડન્સમાં આઈપીએલના આરંભ પહેલાં જે પ્રારંભિક સમારોહ યોજાયો હતો એમાં અભિનેત્રી દિશા પટનીના પર્ફોર્મન્સને ટૂંકાવી નાખવામાં આવ્યો એ બદલ દિશાના ચાહકો તેમ જ અસંખ્ય ક્રિકેટપ્રેમીઓ બ્રોડકાસ્ટર્સ પર ગુસ્સે થયા છે.

દિશાનાં ડાન્સ સ્ટેપ્સ અને તેના હિટ સોન્ગ્સની ટીવી દર્શકો રાહ જોઈને બેઠા હતા. ખાસ કરીને દિશાનો 'ડુ યુ લવ મી' અને 'મલંગ' આધારિત પર્ફોર્મન્સ દર્શકોને ખાસ જોવો હતો. જોકે તેના લાઈવ ટેલિકાસ્ટને ટૂંકાવીને કોમેન્ટરી પર લઈ જવામાં આવ્યું એને પગલે સોશિયલ મીડિયામાં બ્રોડકાસ્ટર્સની ટીકા થઈ રહી છે.

આ કાર્યક્રમમાં શાહરુખ ખાને ઍન્કર તરીકેની તેમ જ મુખ્ય સ્ટેજ પર્ફોર્મરની ભૂમિકા ભજવી હતી. શ્રેયા ઘોષાલ તેમ જ કરણ ઔજલાના પણ પર્ફોર્મન્સ આ પ્રોગ્રામમાં હતા. શાહરુખે સ્ટેજ પર વિરાટ કોહલી અને રિન્કુ સિંહને આમંત્રિત કર્યા હતા.



દિશા પટનીના પર્ફોર્મન્સને અધવચ્ચેથી ટૂંકાવી નાખવામાં આવ્યો એ બદલ તેના ચાહકો બ્રોડકાસ્ટર્સ પર ખફા છે અને તેમણે 'એક્સ' પર જાત જાતની કમેન્ટ્સ કરી છે. ■

# ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

જોડી જમાવો

| A | B |
|---|---|
| શ્રી રામ | મથુરા |
| શ્રી કૃષ્ણ | લુમ્બિની |
| મહાવીર સ્વામી | કરતારપુર |
| ગુરુ નાનક | અયોધ્યા |
| ગૌતમ બુદ્ધ | વૈશાલી |

## ઓળખાણ પડી?

દુનિયાભરના શીખ લોકો પાણી ભરીને લઈ જાય છે એ ગુરુદ્વારા બંગલા સાહિબ કયા શહેરમાં સ્થિત છે એ જાણો છો?



અ) નવી દિલ્હી બ) અમૃતસર ક) ચંદીગઢ ડ) લુધિયાના

## ગુજરાત મોરી મોરી રે

જૈનોના શ્વેતાંબર અને દિગંબર પંથના શ્રદ્ધાળુઓ જ્યાં ભક્તિભાવ સાથે આવે છે એ તારંગા તીર્થ કયા જિલ્લામાં સ્થિત છે?

અ) ભાવનગર બ) બોટાદ
ક) મહેસાણા ડ) સુરત

## ઈર્શાદ

આ કોણ આવીને બેઠું છે મારી આંખમાં,
ભરું હું મુઠ્ઠી ધૂળની ને ગુલાલ મળે હાથમાં.
– રાજેશ વ્યાસ 'મિસ્કીન'

## માતૃભાષાની મહેક

વેદોક્ત મંત્રનો શ્રી ગુરુદ્વારા ઉપદેશ પામીને તે મંત્રનો વિધિપૂર્વક અભ્યાસ કરવો તે જપ કહેવાય છે. પુરાણોમાં જપ ત્રણ પ્રકારનો માનવામાં આવ્યો છેઃ માનસ, ઉપાંશુ અને વાચિક. કોઈ કોઈ ઉપાંશુ અને માનસ જપની વચ્ચે જિહ્વા જપ નામનો એક ચોથો જપ પણ માને છે.

## ચતુર આપો જવાબ

### અર્થ જણાવો

'કેવો ગુમાને ગરિયો ચડ્યો છે'માં ગરિયો શબ્દનો અર્થ શું થાય એ કહી શકશો?

અ) પવન બ) દરિયો ક) ભમરડો ડ) ભોરિંગ

## માઈન્ડ ગેમ

ભારતના આધ્યાત્મિક પાટનગર તરીકે દેશનું કયું શહેર જાણીતું છે એ ખબર છે? અહીં શિવજીનો વાસ હોવાની માન્યતા છે.

અ) અયોધ્યા બ) વારાણસી
ક) ત્રિવેન્દ્રમ ડ) ભુવનેશ્વર

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ મે | ઘ | ૨ ધ | ૩ નુ | ષ | | ૪ મ | ૫ હા | કા | ૬ વ્ય |
| ઘા | | ૭ ખા | ર | | ૮ કે | | કે | | વ |
| ૯ ડં | ૧૦ ગો | રો | | ૧૧ શા | લિ | ગ્રા | મ | | સા |
| ૧૨ બ | ર | | ૧૩ સાં | પ | ડો | | | ૧૪ હા | ય |
| ૧૫ ર | જ | ૧૬ પૂ | ત | | ૧૭ સ્કો | ૧૮ ર | બો | ર્ડ | |
| | | ત | | ૧૯ કા | પ | ડ | | | ૨૦ અ |
| ૨૧ અ | ૨૨ પ | ના | ૨૩ પ | ન | | | ૨૪ અ | ૨૫ ન | ર્થ |
| ૨૬ નુ | તિ | | ૨૭ ર | સ | ૨૮ પ્ર | દ | | ૨૯ વા | ઘ |
| ભૂ | | ૩૦ મ | ના | | ણા | | | ૩૧ જૂ | ટ |
| ૩૨ તિ | ર | સ્કા | ર | | મ | | ૩૩ જ | ની | ન |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | | ૩ | | ૪ | ૫ | ૬ | |
| ૭ | | | ૮ | | | ૯ | | | |
| ૧૦ | | ૧૧ | | | ૧૨ | | | ૧૩ | ૧૪ |
| | | | | ૧૫ | | ૧૬ | | | |
| ૧૭ | ૧૮ | | ૧૯ | | | | | ૨૦ | |
| | | | ૨૧ | | ૨૨ | | ૨૩ | | |
| ૨૪ | | | | | ૨૫ | | | | ૨૬ |
| | | | ૨૭ | ૨૮ | | | ૨૯ | | |
| ૩૦ | ૩૧ | ૩૨ | | ૩૩ | | ૩૪ | | | |
| ૩૫ | | | | | ૩૬ | | | | |

### આડી ચાવી

૧. ઢાંકવા માટેનું પાત્ર, સંરક્ષણ (૩)
૩. ---, પેલે ઘેર ભણું (૬)
૭. હાથ, ટેક્ષ (૨)
૮. ઓશિકાને --- ચડાવો (૨)
૯. મચકોડ, છટા, શૈલી (૩)
૧૦. ધૂળેટીમાં ---થી રંગ છાંટે (૪)
૧૨. સંજ્ઞા, યાદગીરી, કીર્તિ (૨)
૧૩. કૂંપળ આગળનો ફૂટતો ભાગ (૨) (જો.છૂ.)
૧૬. યુક્તિ, દારુણ, ઘાતક (૨)
૧૭. કવિ નાનાલાલે વિકસાવેલી શૈલી (૫)
૨૦. કૃત્ય, વ્યવસાય, ઉપયોગ (૨)
૨૧. મચકોડ, લાંબુ --- (૩)
૨૩. તિરસ્કારનો ઉદ્ગાર (૨)
૨૪. ઝીણા ચોખા (૩)
૨૫. ચિન્હ, નિશાની, ગુણ (૩)
૨૭. શક વગર (૩)
૨૯. અયોધ્યા --- નદીને કિનારે આવ્યું (૩)
૩૦. દાનત, વૃત્તિ (૩)
૩૩. કળી, અધખીલેલું ફૂલ (૩)
૩૫. દેવયોનિની કન્યા (૪)
૩૬. યોજના પ્રમાણે (૫)

### ઊભી ચાવી

૧. દોષ છુપાવવાની તજવીજ, એક રમત (૫)
૨. કાચના ઝીણા ટુકડા (૩)
૩. ખંજવાળ (૨)
૪. કોતરણી, ભરતકામ, ચિત્રકાળ (૫)
૫. --- મંગની, પટ બ્યાહ (૨)
૬. બળતણ, ઝાડનું સૂકું થડ/ડાળી (૩)
૮. બગડેલી (૨)
૧૧. જંગલ (૩)
૧૪. સમાપ્ત, પૂરું (૩)
૧૫. ગંદુ, અતિગંદુ (૩)
૧૮. રામનો ભાઈ (૩)
૧૯. ડુંગર (૨)
૨૦. પાણીથી લોખંડને --- લાગે (૨)
૨૨. એક જાતનું પક્ષી (૫)
૨૩. એક ફળ (૩)
૨૪. નાજુક, ચાહવાયોગ્ય (૪)
૨૬. કસરતી શરીર --- હોય (૪)
૨૮. શંકા (૨)
૩૧. મહાભારતમાં --- યુધિષ્ઠિરને પ્રશ્નો પૂછે છે (૨)
૩૨. મોકો (૨)
૩૪. માટે (૨)

## સુડોકુ-૮૦૪૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૩ | | ૫ | ૭ | | ૬ | | |
| | | ૪ | | | | | | ૩ |
| ૬ | ૧ | | | | | ૨ | | |
| ૭ | | | | ૩ | | | | ૨ |
| ૫ | ૬ | | | | | | ૯ | ૭ |
| ૧ | | | | ૨ | | | | ૪ |
| | | ૫ | | | | | ૩ | ૧ |
| ૩ | | | | | | ૮ | | |
| | | ૬ | | ૫ | ૮ | | ૨ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૮૦૪૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૮ | ૩ | ૨ | ૪ | ૬ | ૫ | ૧ | ૯ |
| ૬ | ૫ | ૨ | ૧ | ૩ | ૯ | ૪ | ૮ | ૭ |
| ૯ | ૧ | ૪ | ૫ | ૭ | ૮ | ૨ | ૩ | ૬ |
| ૪ | ૬ | ૧ | ૩ | ૯ | ૨ | ૮ | ૭ | ૫ |
| ૮ | ૨ | ૫ | ૭ | ૬ | ૪ | ૧ | ૯ | ૩ |
| ૩ | ૯ | ૭ | ૮ | ૫ | ૧ | ૬ | ૪ | ૨ |
| ૫ | ૩ | ૬ | ૪ | ૮ | ૭ | ૯ | ૨ | ૧ |
| ૨ | ૭ | ૮ | ૯ | ૧ | ૫ | ૩ | ૬ | ૪ |
| ૧ | ૪ | ૯ | ૬ | ૨ | ૩ | ૭ | ૫ | ૮ |

## ગયા સોમવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| શ્રીરામ | સીતા |
| શ્રીકૃષ્ણ | સત્યભામા |
| ગૌતમ બુદ્ધ | યશોધરા |
| મહાવીર સ્વામી | યશોદા |
| રાવણ | મંદોદરી |

ગુજરાત મોરી મોરી રે: વલસાડ

ઓળખાણ પડી?: નાશિક

માઈન્ડ ગેમ: ગોવા

ચતુર આપો જવાબ, અર્થ જણાવો: સતત

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) સુભાષ મોમાયા (૨) મુલરાજ કપૂર (૩) ડો. પ્રકાશ કટકિયા (૪) ભારતી પ્રકાશ કટકિયા (૫) કિશોરકુમાર જીવણદાસ વેદ (૬) ધીરેન ઉદેશી (૭) ગીતા ઉદેશી (૮) પ્રતિમા પમાણી (૯) શ્રદ્ધા આશર (૧૦) ભારતી બુચ (૧૧) હર્ષા મહેતા (૧૨) લજિતા ખોના (૧૩) પુષ્પા પટેલ (૧૪) મહેન્દ્ર લોઢાવિયા (૧૫) મહેશ દોશી (૧૬) મીનળ કાપડિયા (૧૭) નિખિલ બંગાળી (૧૮) અમીશી બંગાળી (૧૯) તાહેર ઔરંગાબાદવાલા (૨૦) શીરીન ઔરંગાબાદવાલા (૨૧) અબ્દુલ્લા એફ. મુનીમ (૨૨) મનીષા શેઠ (૨૩) ફાલ્ગુની શેઠ (૨૪) જ્યોતિ ખાંડવાલા (૨૫) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૨૬) ભાવના કર્વે (૨૭) નીતા દેસાઈ (૨૮) દેવેન્દ્ર સંપટ (૨૯) વિણા સંપટ (૩૦) અંજુ ટોલિયા (૩૧) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૨) અલકા વાણી (૩૩) નુતન વિપીન (૩૪) પુષ્પા ખોના (૩૫) જગદીશ ઠક્કર (૩૬) જ્યોત્સના ગાંધી (૩૭) રમેશ દલાલ (૩૮) ઈનાક્ષી દલાલ (૩૯) હિના દલાલ (૪૦) મહેશ સંઘવી (૪૧) મહેશ સંઘવી (૪૨) નિતિન બજરિયા (૪૩) અરવિંદ કામદાર (૪૪) હિરા જશવંતરાય શેઠ (૪૫) અતુલ જે. શેઠ